# કોરોના, મેલેરિયા, ચિકનગુનિયા અને ડેન્ગ્યુ એ બધાના લક્ષણો એક સરખા જ જોવા મળે છે... ડોકટરો તેનું નિદાન કેવી રીતે કરે છે?

**(ચિકનગુનિયા અને કોરોના તાવમાં શું ફરક ?)**
**(ડેન્ગ્યુ અને ચિકનગુનિયાના તાવમાં શું ફરક ?)**
**(કોરોના અને મેલેરિયાના તાવમાં શું ફરક ?)**

આજે ડાહ્યાલાલ, ગાંડાલાલ, વિપુલ અને નિલેશ ચારેયની ટીમ સમયસર પહોંચી ગયા. વડના નીચે ચકલીઓ ચીંચી કરે છે. ઘણાં લાંબા સમય પછી સૂર્ય પ્રકાશિત થયો છે. ચારે બાજુ પાણી ભરાયેલા છે. થોડી થોડી માટીની મહેંક આવે છે. કયાંક કયાંક દુર્ગંધ પણ મારે છે. ચારેય મિત્રોએ ભેગા થઈને વડના ઝાડ નીચે બેસવા માટે ખુરશીઓ ખરીદી લીધી છે. પોપટ વડના ટેટા ખાઈ રહ્યો છે. મધમાખીઓ વટના ટેટાની આજુબાજુ પોતાની મસ્તીમાં ટેટામાંથી રસ ચુસી રહ્યા છે. વડની ટોચ ઉપર એક મધપૂડો પણ છે.

વાતાવરણ આનંદદાયક... ગાંડાભાઈએ શરુઆત કરી શું થવા બેઠું છે ? કાંઈ સમજાતું નથી... હજુ કોરોના ગયો નથી. ત્યાં પાછો મેલેરિયા આવી ગયો. આ સિઝન તો સામાન્ય રીતે ડેન્ગ્યુની હો. પણ આ વર્ષે ડેન્ગ્યુ થોડો દેખાય છે પણ ચિકનગુનિયાએ ડાટ વાળ્યો છે. અને મેલેરિયા પણ સ્પર્ધામાં આગળ છે. લોકો બહુ દુ:ખી છે. શાના માટે જીવવાનું ? શું થઈ રહ્યું છે ? ચારેબાજુ હાહાકાર છે. એક માનવીને બીજા માનવી ઉપર ભરોસો નથી રહ્યો. માણસોને ડૉકટરો ઉપર પણ ભરોસો ઓછો થઈ જાય એવી વાત છે. પણ ડૉકટરો શું કરે ? કોરોના, મેલેરિયા, ચિકનગુનિયા અને ડેન્ગ્યુ એ બધાના ચિહ્નો એક સરખા જ જોવા મળે છે.

ડૉકટરો પોતાનું નિદાન કેવી રીતે કરે ? ડૉકટરોને આધાર છે સારી લેબોરેટરીનો. લોકોને લેબોરેટરી ઉપર પણ વિશ્વાસ ઓછો થતો જાય છે. લેબોરેટરીમાં આવીને લોકો લેબોરેટરીના ડૉકટર જોડે અકળાઈને વાત કરે છે. જરા જોજો બરાબર તમારે તો ઠીક છે પણ અમે તો ધંધે લાગી જઈશું...!?

બરાબર જોજો, આટલા બધા પૈસા લો છો તો ધ્યાન રાખીને કામ કરજો. ડેન્ગ્યુ છે મેલેરિયા છે કે ચિકનગુનિયા છે એ બરાબર નક્કી કરીને આપજો અને હા કોરોના જેવું લાગે તો વેળાસર કહેજો. વિપુલથી રહેવાયું નહીં... સાલો શું સમય આવ્યો છે... કોઈને કોઈની ઉપર વિશ્વાસ જ નથી...?? ખબર પડતી નથી કે કેમ જીવવું..!! આનંદ કરવાની વાત તો બાજુ ઉપર રહી અને અહીં જીવવાનાં ફાંફાં પડ્યા છે. મિત્રો-મિત્રો વચ્ચે વિશ્વાસ નથી રહ્યો. ભાઈ... મારાથી ૩ મીટર દૂર રહે, માસ્ક પહેરીને વાત કર. તાવ, ઉધરસ, શરદી હોય તો મહેરબાની કરીને અમને મળવા ના આવતો. ઘરમાં પણ એકબીજાથી દૂર રહેવાનો સમય આવ્યો છે. આ જીવનનો શું મતલબ ? એકબીજાના પ્રેમ, હુંફ, લાગણી ઘટતા જાય છે.




કોને કોરોના હશે ? કોને નઈ હોય એવા ભયથી એક માણસ અને બીજા મઆણસ વચ્ચે મોટી ખાઈ પડી ગઈ છે. ચારેબાજુ અંધારું છે. અંધારામાં કયાં શું થશે એની કોઈને ખબર નથી. જીવન નિરર્થક લાગે છે. કંઈક કરવું છે. કંઈક નવું કરવું છે. એ વાતો તો જાણે ભુલાઈ જ ગઈ. ત્યારે પોતાના દિવસો કેવી રીતે, સારી રીતે પસાર થાય તેવી પ્રાર્થના કરતા લોકો જોવા મળે છે. ડાહ્યાભાઈથી રહેવાયુ નહીં. અરે વિપુલ આવો નાસીપાસ ના થઈ જા... કાલે સારા દિવસો આવશે. આ બધી મહામારીથી આપણે બહાર નીકળી જ જઈશું. ભવિષ્યનો વિચાર કરો... ખરાબ સમયને કેવી રીતે સારો કરવો એ આપણી ઉપર છે. જીવન છે તો બાકીનું બધું જ છે. ખરાબ સમય અત્યારે સાચવીને વિતાવી લો. વાત રહી અત્યારે ચાલી રહેલા કોરોના, મેલેરિયા, ચિકનગુનિયા અને ડેન્ગ્યુની. એનું નિદાન ખૂબ સહેલું છે. ડૉકટરનો અભિપ્રાય લો. સારી લેબોરેટરીમાં ટેસ્ટ કરાવો. ડાહ્યાભાઈએ કહ્યું વાતો કરવી સહેલી છે... ગાંડાભાઈ. પણ પરિસ્થિતિ ખૂબ ગંભીર છે.

ડાહ્યાભાઈ બોલ્યા, જુઓ... ગાંડાભાઈ કુદરત ગમે એટલી આફત આપે પણ એક દરવાજો તો ખૂલ્લો જ છે. તે તમને તાવ આવતો હોય તો પહેલા ડૉકટરને બતાવો. ડૉકટર તમારા ચિહ્નો ઉપરથી નિદાન તો કરી જ દેશે. પણ એ નિદાનને મહોર મારવા માટે તમને લેબોરેટરીમાં મોકલશે.

જુઓ... સામાન્ય રીતે મેલેરિયા લેબોરેટરીવાળા સરસ રીતે તપાસ કરીને કહી દેતા હોય છે. જેમાં CBC અને card test મેલેરિયા એના ઉપરથી લગભગ ૯૫ ટકા જેવું નિદાન થઈ જતું હોય છે. ડેન્ગ્યુમાં ડેન્ગ્યુની ELISA અને PCR ઉપરથી NS1, IgM અને IgG ડેન્ગ્યુ કરાવવાથી મોટેભાગે ખબર પડી જતી હોય છે. CBC માં paltllet ઓછી હોય તો મેલેરિયા અને ડેન્ગ્યુની શકયતા અત્યારના સંજોગોમાં વધી જાય છે. હા કોઈ વખત કોરોનામાં પણ paltllet ઓછી આવે છે. તો કોરોનાનો એન્ટીજન અથવા તો PCR કરાવાથી કોરોના હોય તો લગભગ ૯૦-૯૫ ટકા ખબર પડી જ જતી હોય છે. એટલે કોરોનામાં CT-SCAN પણ બહુ જ ઉપયોગી છે. તમારાં ફેફસામાં જો ન્યુમોનિયા હોય તો કોરોનાની શકયતા વધી જાય છે. એટલે કોરોના, મેલેરિયા અને ડેન્ગ્યુ એ ત્રણેય ઈન્વેસ્ટીગેશનથી નિદાન કરી શકાય છે. હવે વાત રહી ચિકનગુનિયાની, ચિકનગુનિયામાં CBC નોર્મલ હોય છે. એમાં પ્લેટલેટ ઘટતી નથી. દર્દીને તાવ આવે એછે. ઠંડી પણ લાગે છે. લગભગ મેલેરિયા ખૂબ મદદ કરે છે. ચિકનગુનિયા માટે લેબોરેટરીમાં card ટેસ્ટ ફોર ચિકનગુનિયા બધી લેબોરેટરીમાં થતું હોય છે પણ કાર્ડ ટેસ્ટમાં ચિકનગુનિયાનું પરિણામ ડૉકટરો કહે તે પ્રમાણે મળતું નથી. ચિકનગુનિયા માટે બીજો ટેસ્ટ છે. ELISA for Chikungunya (એલીસા ફોર ચિકનગુનિયા) એમાં ૫૦-૬૦% જેટલા ચિકનગુનિયા પોઝીટીવ આવતા હોય છે.

ચિકનગુનિયા માટે PCR પદ્ધતિથી જો ચિકનગુનિયાના લોહીની ટેસ્ટ કરાવવામાં આવે તો ચિકનગુનિયાનું નિદાન લગભગ ૧૦૦ ટકા સાચું થતું હોય છે. એટલે ડાહ્યાભાઈએ, ગાંડાભાઈ વિપુલ અને નિલેશને કહ્યું ચિંતા ના કરો સારા દિવસો આવશે.

shraddhablood@gmail.com

# પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે ઉદ્યોગ સાહસિકતાને પ્રેરિત કરીને કૃષિક્રાંતિ માટે રાજયપાલનું આહ્‌વાન

**ભારતીય ઉદ્યોગ સાહસિકતા વિકાસ સંસ્થાન દ્વારા યોજાયેલાં પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે ઉદ્યોગ સાહસિકતાની તક વિષયક સંવાદમાં રાજયપાલનું માર્ગદર્શન**

ગાંધીનગર, તા. ૬

ગુજરાતના રાજયપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યુ છે કે, દેશભરમાં કૃષિ ક્રાંતિ માટે પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે ઉદ્યોગ સાહસિકતાને પ્રેરિત કરવી આવશ્યક છે. રાજયપાલશ્રીએ ઉદ્યોગ સાહસિકોને આહ્વાન કરતા જણાવ્યુ હતુ કે, નવપ્રવર્તન, નવા સંશોધનો, પરંપરાગત અને આધુનિક ટેકનોલોજીના સમન્વય દ્વારા તેઓ પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે પ્રવૃત્ત થાય.

ઉદ્યોગ સાહસિકતા ક્ષેત્રે દેશભરમાં ઉદાહરણરૂપ કાર્ય કરનારા સ્વર્ગીય ડો. વી.જી. પટેલની સ્મૃતિમાં ભારતીય ઉદ્યોગ સાહસિકતા વિકાસ સંસ્થાન દ્વારાડો. વી. જી. પટેલ મેમોરિયલ લેકટર સીરીઝના ભાગરૂપે પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે ઉદ્યોગ સાહસિકતાની તક વિષયક વેબીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વેબીનારને સંબોધતા રાજયપાલે જણાવ્યુ હતુ કે, ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવીને રાસાયણિક કૃષિના દુષ્પરિણામથી મુક્તિ મેળવશે, ખેતીમાં થતાં ખર્ચને ઘટાડીને ગુણવત્તાયુક્ત ખેત ઉત્પાદન મેળવી શકશે. તેમણે જણાવ્યુ હતુ કે, રાસાયણિક કૃષિના મજબૂત વિકલ્પ તરીકે પદ્મશ્રી સુભાષ પાલેકરજી દ્વારા પ્રેરિત



પ્રાકૃતિક કૃષિ ખેડૂતોની દશા અને દિશા બદલનારી ક્રાંતિ સાબિત થઇ રહી છે ત્યારે ઈનોવેશન, નવા સંશોધનો અને ટેકનોલોજીના સુચારુ ઉપયોગ દ્વારા ઉદ્યોગ સાહસિકો આ જનઅભિયાનને નવું બળ પૂરું પાડશે.

રાજયપાલએ ગુરુકુળ કુરુક્ષેત્રમાં ૨૦૦ એકર જમીનમાં તેમણે અપનાવેલી પ્રાકૃતિક કૃષિના સ્વાનુભવને વર્ણવતા જણાવ્યુ હતુ કે, એક દેશી ગાયની મદદથી ત્રીસ એકર જમીનમાં પ્રાકૃતિક કૃષિ થઇ શકે છે જેનાથી ઓછા ખર્ચે સ્વાસ્થ્યપ્રદ ખેત ઉત્પાદન મેળવી શકાય છે. પાણીની બચત થાય છે અને જમીનની ફળદ્રુપતા નિરંતર જળવાઈ રહે છે.

આ સંવાદમાં નેશનલ ઈનોવેશન ફાઉન્ડેશનના સ્થાપક પદ્મશ્રી પ્રો. અનિલ ગુપ્તાએ પ્રાકૃતિક કૃષિને સમયની માંગ ગણાવી આ ક્ષેત્ર સાથે ઈનોવેશન, ઈન્વેન્શન અને એન્ટરપ્રાઈઝને જોડવાની અને ખેતરમાં રહીને સંશોધનો કરવા યુવાનોને પ્રેરણા આપવાની હિમાયત કરી હતી. જયારે ભારતીય ઉદ્યોગ સાહસિકતા વિકાસ સંસ્થાનના મહાનિર્દેશક ડો અનિલ શુક્લે પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે ઉદ્યમિતાની તકો વિશે જણાવી સ્વર્ગીય ડો. વી.જી. પટેલની સ્મૃતિમાં આ વર્ષે જ શરૂ કરાયેલા રાષ્ટ્રીય પુરસ્કાર વિશે માહિતી આપી પુરસ્કાર વિજેતાઓને શુભેચ્છા પાઠવી હતી.

# સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સીટીના કુલપતિ ડો.અર્જુનસિંહ રાણાને ઉત્કૃષ્ટ કામગીરી માટે એવોર્ડ એનાયત

ગાંધીનગર, તા. ૬

એજ્યુકેશન વર્લ્ડ સંસ્થા દ્વારા વર્ષ ૨૦૨૦-૨૧ માટે ઉચ્ચ શિક્ષણ સેકટરમાં શિક્ષણ ક્ષેત્રે વિશેષતમ કાર્ય કરતી રાષ્ટ્રની ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને તેમના કાર્યના મૂલ્યાંકન પાર વિવિધ અવોર્ડ્સથી નવાજવામાં આવે છે. જેમાં વિશિષ્ટ નેતૃત્વ, કેમ્પસ ડિઝાઇન શ્રેષ્ઠતા, કેમ્પસની ગુણવત્તા, આઇ.ટી. લર્નિંગ, વિદ્યાર્થીઓની વિવિધતા, શિક્ષણવિદો, રમતગમત અને સહ-અભ્યાસક્રમ શિક્ષણ, ભવિષ્યમાં તૈયાર થનાર યુનિવર્સિટીઓ, વ્યાવસાયિક શિક્ષણ અને કુશળતા સાથે શિક્ષણ જેવી વિવિધ ૧૨ કેટેગરીનો સમાવેશ થાય છે.

એજ્યુકેશન વર્લ્ડ દ્વારા વર્ષ ૨૦૨૦–૨૧ આ એવોર્ડ સમારંભમાં ૭૦૦ કરતા વધારે ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓની ગુણવત્તા ચકાસવામાં આવેલ. જેમાં સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સીટીના માન.કુલપતિ અને ફિટ ઈન્ડિયા મુવમેન્ટના ગુજરાત રાજ્યના નોડલ ઓફીસર ડો. અર્જુનસિંહ રાણાને તેમનાં ઉત્કૃષ્ટ નેતૃત્વ બદલ ભારતભરમાં તૃતીયસ્થાન પ્રાપ્ત થયેલ છે. ડો. રાણાએ સ્પોર્ટ્સ ફીઝીયોથેરાપીસ્ટ તેમજ ભારતીય ક્રિકેટ ટીમના ટ્રેનર તરીકે ઈન્ડિયા અંડર-૧૯, ઈન્ડિયા-એ અને ઈન્ડિયા સીનીયર ટીમ સાથે ભૂતકાળમાં કામ કરેલ છે. તદુપરાંત તેઓ આઈ.સી.સી. વર્લ્ડકપ ની નેધરલેન્ડ્ની ટીમના મેનેજર તરીકે પણ કામ કરેલ છે. સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન સાથે વિવિધ કેપેસિટીમાં છેલ્લા ૨૬ વર્ષથી સંકળાયેલ છે. કોરોના જેવી મહામારીમાં ડો.અર્જુનસિંહ રાણાની ટીમ ધ્વારા લોકડાઉન દરમિયાન ઓનલાઈન માધ્યમથી ૫૦ કરતા વધારે વેબિનાર કરવામાં આવેલ હતા. શાળા અને કોલેજના વિદ્યાર્થીઓને તેમની શારીરિક સ્વસ્થતા માટે ઓનલાઈન સેશનનું આયોજન પણ કરવામાં આવેલ હતું. કોરોનાના કપરા કાળમાં પ્રધાનમંત્રી દ્વારા આપેલ નેમને સાર્થક કરવા વિધ્યાર્થીઓને તેમની ડિગ્રી ઓનલાઈન માધ્યમથી મળી રહે તે શુભાશયથી નવી પહેલ કરતા સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીનું સૌપ્રથમ એવું ઓનલાઈન કોન્વોકેશન યોજવામાં આવેલ જેની નોંધ સમગ્ર રાષ્ટ્રમાં લેવાતા વિવિધ યુનિવર્સિટીઓ ધ્વારા આ કોરોના કાળમાં પદવીદાન સમારંભ ઓનલાઈન માધ્યમથી યોજાયો હતો.

# એસ. કે. પટેલ સ્કુલમાં ટિચર્સ ડે સેલિબ્રેશન કરાયુ





ગાંધીનગર, તા. ૬

સર્વ વિધ્યાલય કેળવણિ મંડળ દ્વારા સંચાલિત એસ. કે. પટેલ સ્કુલમાં ટિચર્સ ડે સેલિબ્રેશન કરાયુ. જેમાં બળકો ઘરે બેઠા ટિચર બની ને ભણાવતા વિડિયો અને ફોટા મોકલ્યા હતા. શિક્ષિકાઓએ પણ ટિચર્સ ડે નું મહત્વ અને ડો.રાધાકૃષ્ણ સર્વલ્લીનાં જન્મદિને આ ટિચર્સ ડે ઉજવવામાં આવે છે, તેનો બાળકો ને ખ્યાલ આપ્યો હતો. અને શિક્ષિકઓએ પણ તેનો વિડિયો બનાવી ને મોકલ્યો હતો, જેથી બળકો એ તે જોઇને વધારે પ્રોત્સાહિત થયા હતા. અને બાળકો તથા વાલીઓ એ સારો એવો રિસ્પૉસ આપી રહ્યા છે, તથા બાળકો એ ખુબ જ આનંદ માણ્યો હતો.

# એસ.વી. અને એસ.જી. અંગ્રેજી પ્રાથમિક શાળામાં ઓન લાઇન શિક્ષક દિન ઉજવાયો



ગાંધીનગર, તા. ૬

સર્વ વિદ્યાલય સંચાલિત એસ.વી. અને એસ.જી. ,અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં ઓન લાઈન શિક્ષક દિન ઉજવાયો. ધોરણ ૮ ના વિદ્યાર્થીઓએ ધોરણ ૧ થી ૮ના વિદ્યાર્થીઓને ભણાવ્યા હતા. બાળકોને આ આજના દિવસે પોતાના શિક્ષક બનેલા સહઅધ્યાયી પાસે ભણવાની બહુ મજા આવી હતી. શિક્ષક બનેલા વિદ્યાર્થીઓએ વિવિધ શૈક્ષણિક સાધનો દ્વારા અને પોતાની આગવી સૂઝથી વિદ્યાર્થીઓને સારી રીતે ભણાવ્યું હતું.



સરકારી વાણિજ્ય કૉલેજ સેકટર-૧૫ ખાતે એલએલબી સેમેસ્ટર-૪ની પરીક્ષાનું સરકારી ગાઈડલાઈન મુજબ આયોજન કરવામાં આવ્યું.



મહાદેવ દેસાઈ ગ્રામસેવા પરિસરમાં ૫મી સપ્ટેમ્બરે શિક્ષક દિવસ નિમિત્તે સમૂહ સફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજાના રમણીય વિશાળ પરિસરમાં આવેલા જાતભાતના વૃક્ષો, ફૂલછોડ, ફળફળાદિ ઝાડને કારણે તેની શોભા બેનમૂન છે. વરસાદની ઋતુમાં તેનું અનેરું સૌંદર્ય પ્રગટે છે. હાલ તો વિદ્યાર્થીઓ ન હોવાને કારણે પરિસરના સેવકો નિયમિત સફાઈ કરે છે. વિશેષ તો આજના શિક્ષક દિવસના ઉપલક્ષમાં સમૂહમાં સૌ અધ્યાપક - કર્મચારી ભાઈ-બહેનોએ સ્વચ્છ પરિસર અંતર્ગત સફાઈ કાર્યક્રમનું આયોજન સંયોજક ડૉ. રાજીવ પટેલના માર્ગદર્શનમાં કરવામાં આવેલ હતો.

# શિક્ષકદિન નિમિત્તે ૧૫૦૦ જેટલા વિદ્યાર્થીઓને સંરક્ષણની શિક્ષા

ગતરોજ શિક્ષકદિન નિમિત્તે ગાંધીનગર સ્થિત ડિફેન્સ યુનિકોર્ન દ્વારા અનોખી પહેલ હાથ ધરવામાં આવલ હતી. જે અંતર્ગત વિવિધ કોલેજ અને સ્કુલના કુલ ૧૫૦૦થી વધુ વિદ્યાર્થીઓને સંરક્ષણ ક્ષેત્રે માહિતગાર કરી એક સરાહનીય કામ હાથ ધરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે આ કાર્યક્રમ ઓનલાઈન એટલે કે વેબીનાર દ્વારા વિવિધ કોલેજ તથા સ્કુલના વિદ્યાર્થીઓને જે તે પ્લેટફોર્મ થકી સંબોધવામાં આવેલ જેમાં વિદ્યાર્થીઓને સંરક્ષણ ક્ષેત્રે કારકિર્દી તથા સંરક્ષણની વિવિધ પ્રવૃતિઓથી માહિતગાર કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે રિટાયર્ડ સિનિયર કમાન્ડન્ટ ભારદ્વાજ સર એ હાજરી આપી દરેક વિદ્યાર્થીઓ ને સંરક્ષણ ક્ષેત્ર તથા તેના વિવધ આયામો વિષે વિગતવાર માહિતી આપી હતી.ગાંધીનગર સ્થિત ડિફેન્સ યુનિકોર્નના વડા હિતેન્દ્રસિંહના જણાવ્યા અનુસાર આ કાર્યક્રમ યોજવા પાછળના હેતુ આજના વિદ્યાર્થીઓના મસ્તિષ્કમાં આપણા દેશ વિશેની સમજ અને દેશભક્તિ વધુ સુદઢ બને એ તો હતો જ પણ એક બીજો વિચાર એ પણ હતો કે આ કાર્યક્રમ થકી અમે વધુ માં વધુ વિદ્યાર્થીઓને ના ફક્ત સંરક્ષણ ક્ષેત્રના વિવિધ આયામો વિશે માહિતગાર કરીએ પણ એમને આ ક્ષેત્રમાં પ્રવેશ કરવાનો ઉચિત રસ્તો બતાવીએ. વિદ્યાર્થીઓ સંરક્ષણ ક્ષેત્રને એક કારકિર્દી રૂપે વિચારી આગળ વધી ગુજરાત તથા પુરા ભારતનું નામ રોશન કરે. ઉલ્લેખનીય છે કે આ વેબીનારમાં ન ફક્ત ગુજરાતની શૈક્ષણિક સંસ્થાઓ પણ રાજસ્થાન અને મધ્યપ્રદેશની શૈક્ષણિક સંસ્થાઓ એ પણ ખૂબ ઉત્સાહભેર ભાગ લઈને આ વેબીનારને સફળ બનાવવામાં મદદ કરી હતી.કુલ ૧૫૦૦ જેટલા વિધાર્થીઓએ ખૂબ જ રસપૂર્વક આ વેબીનારમાં ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓના જણાવ્યા અનુસાર એમને આ વેબીનાર થકી ખૂબ અગત્યની માહિતી પ્રાપ્ત થઈ હતી. ના ફક્ત સંરક્ષણ ક્ષેત્રના વિભાગો વિશે પણ આ દરેક વિભાગોમાં પ્રવેશ માટે લેવામાં આવતી વિવિધ પ્રવેશ પરીક્ષાઓ જેવી કે સી.ડી.એસ , એન.ડી.એ , એ.એફ.સી.એ.ટી તથા સી.એ.પી.એફ જેવી પરીક્ષાની ખૂબ અગત્યની માહિતી પ્રાપ્ત થઈ હતી.જ્યારે આજ નો વિદ્યાર્થી સીમિત પરીક્ષાઓ જ વિચારી ફક્ત એની જ મહેનત કરે છે ત્યારે ડિફેન્સ યુનિકોર્ન ગાંધીનગરના આ ખૂબ જ જવાબદારી ભર્યા પગલાંથી ના ફક્ત આજનો વિદ્યાર્થી ચીલાચાલુ કારકિર્દીમાંથી બહાર આવશે પણ ગુજરાત નું સંરક્ષણ ક્ષેત્રે કારકિર્દીમાં નામ આગળ લાવવમાં મદદરૂપ કરશે.



ડિફેન્સ યુનિકોર્ન, મો. ૬૩૫૧૨૯૯૨૦૬

# ભારતની ટોચની ૧૦ સંસ્થાઓમાં આઈઆઈટી ગાંધીનગર સામેલ

**આઇઆઇટી ગાંધીનગરે સતત બીજા વર્ષે ટાઇમ્સ હાયર એજ્યુકેશન વર્લ્ડ યુનિવર્સિટી રેક્રિંગમાં સ્થાન મેળવ્યું - વૈશ્વિક સ્તરે ટોચના ૮૦૦માં અને ભારતમાં ચોથા ક્રમે**


ગાંધીનગર, તા. ૬

ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થાન ગાંધીનગર (આઈઆઈટી ગાંધીનગર)ને ટાઈમ્સ હાયર એજ્યુકેશન વર્લ્ડ




યુનિવર્સિટી રેક્રિંગ્સ ૨૦૨૧ માં વિશ્વભરની ટોચની ૮૦૦ શૈક્ષણિક સંસ્થાઓમાં અને તથા ભારતમાં ચોથા ક્રમે સ્થાન આપવામાં આવ્યું છે. આઈઆઈટી ગાંધીનગરે આ પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય શૈક્ષણિક રેક્રિંગમાં સતત બીજા વર્ષે વૈશ્વિક સ્થાન મેળવ્યું છે.

આઈઆઈટી ગાંધીનગરને વૈશ્વિક સ્તરે ૬૦૧-૮૦૦ના બેન્ડમાં સ્થાન આપવામાં આવ્યું છે. ગુજરાતની તે એકમાત્ર એવી સંસ્થા છે કે જેને વિશ્વની ટોચની ૧૦૦૦ સંસ્થાઓમાં સ્થાન આપવામાં આવ્યું છે. એકંદરે, ટાઈમ્સ હાયર એજ્યુકેશન વર્લ્ડ યુનિવર્સિટી રેક્રિંગ્સ દ્વારા ૯૩ દેશોની લગભગ ૧,૫૦૦ યુનિવર્સિટીઓ અને સંસ્થાઓને રેક્ર કરવામાં આવી છે. ટાઈમ્સ હાયર એજ્યુકેશન વર્લ્ડ યુનિવર્સિટી રેક્રિંગ્સ સંશોધન આધારિત યુનિવર્સિટીઓના પ્રદર્શનનું મૂલ્યાંકન ૧૩ કાળજીપૂર્વક નિર્ધારિત કરેલા કાર્ય સૂચકાંકો પરથી કરે છે, જેમાં શિક્ષણ, સંશોધન, સાઈટેશન્સ, ઉદ્યોગ આવક અને આંતરરાષ્ટ્રીય દષ્ટિકોણનો સમાવેશ છે. આ વર્ષે, ૬૩ ભારતીય યુનિવર્સિટીઓ/સંસ્થાઓએ વર્લ્ડ યુનિવર્સિટી રેક્રિંગ માટે ક્વોલિફાય કર્યું છે, અને આઈઆઈટી ગાંધીનગર ભારતમાં ચોથા ક્રમે છે.



આઈઆઈટી ગાંધીનગરના ડાયરેક્ટર પ્રો. સુધિર કે જૈને કહ્યું કે, "આઈઆઈટી ગાંધીનગરે શરૂઆતથી વૈશ્વિક દષ્ટિકોણ અને વૈશ્વિક કક્ષાની મહત્વાકાંક્ષાનું પોષણ કર્યું છે. એક ૧૨ વર્ષ જૂની યુવાન સંસ્થા તરીકે, સતત બીજા વર્ષે વિશ્વની કેટલીક ટોચની યુનિવર્સિટીઓ વચ્ચે ઊભા રહેવું અમારા માટે ખૂબ જ ગર્વની વાત છે. આંતરરાષ્ટ્રીય કક્ષાની સંસ્થા બનાવવા માટે અમારી લાંબા ગાળાની વ્યૂહાત્મક દ્રષ્ટિ અને સામૂહિક સમર્પણનું આ પરિણામ છે. અમે વૈશ્વિક શૈક્ષણિક શ્રેષ્ઠતા તરફની અમારી પ્રગતિ ચાલુ રાખીશું."

# જન્મદિને વધામણી



રમેશચંદ્ર જે. જોષી
મો. ૯૭૭૩૧૬૭૮૧૪



પરિમલ પટેલ
માહિતી મદદનીશ, જિલ્લા માહિતી કચેરી, ગાંધીનગર
મો. ૯૮૨૫૩ ૨૩૮૦૮



જીનલ ચૌહાણ



પાયલ
કમલેશભાઈ પરમાર



જૈમિન ઠાકોર
મો. ૯૭૨૭૪૦૧૦૭૪



ચિરાગ પી વ્યાસ
મો. ૯૮૨૫૫ ૫૭૯૬૭



શૈલેષ એ કાપડિયા
મો. ૯૬૩૮૭ ૪૫૯૬૯



રમ્ય એમ. જાદવ
મો. ૯૪૨૯૩ ૦૦૯૬૫

